# ‘ઘ’ અને ‘ચ’ માર્ગ આસપાસ વન વિભાગની જગ્યા ડમ્પીંગ સાઈટમાં ફેરવાઈ

## મુખ્યમાર્ગો આસપાસ વૃક્ષોની હરિયાળી વચ્ચે કચરાના ઢગ ખડકાય છે ગ્રીનસીટી-ક્લીનસીટીના કન્સેપ્ટ સામે ખતરો

ગાંધીનગર, તા. ૧૪

કચરો હટાવો... શહેરને ‘રોચક’ બનાવો... નિર્મળ નગર જેવા સોહામણા શબ્દો પાછળ હજુ યોગ્ય સફાઈ વ્યવસ્થા અને જનજાગૃતિના અભાવે ગંદકીથી ખદબદતા ગાંધીનગરમાં પણ સેક્ટરે-સેક્ટરેથી ગંદકી ઉલેચવા નગરસેવકોથી લઈ આમનાગરિકો





આરંભે શુરા બન્યા હતા. પરંતુ સ્વચ્છતાનું આ અભિયાન ફોટો ફંકશન પુરતુ સિમિત રહ્યું હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે નગરને વાઈબ્રન્ટ લૂક આપવાની દીશામાં તંત્રના અધિકારીઓ અત્યારથી જ વ્યસ્ત બન્યા છે. ત્યારે વિકાસના નવા આયામોને સાકાર કરવા નગરમાં ગંદકીની જટીલ સમસ્યા હજુ આંખ ફાડીને ઉભી છે. નગરના મુખ્ય ‘ચ’ માર્ગ અને ‘ઘ’ માર્ગને જ ગંદકી ઘેરી વળી છે. મુખ્ય માર્ગોની આસપાસ સ્થિત વન વિભાગની જગ્યામાં હરિયાળા વૃક્ષોની વચાળે કચરાના ઢગ ખડકાય છે. પ્રકૃતિની ગોદમાં પાંગરતી ગંદકીના લીધે નગરના મુખ્યમાર્ગો પરની સફાઈ ઝુંબેશને પણ કોઈ હેતુ સરતો નથી. મુખ્યમાર્ગો આસપાસની આ જગ્યામાં જાગૃતતાના અભાવે ગમે ત્યાં કચરો ફેંકવામાં આવે છે જેના પરિણામે આ વિસ્તાર જાણે ડમ્પીંગ સાઈટમાં ફેરવાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાય છે. વન વિભાગની આ જગ્યામાં યોગ્ય સફાઈ વ્યવસ્થા ગોઠવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગંદકીના બિહામણા દશ્યો છવાયેલા છે. સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે નગરજનોમાં સ્વચ્છતા અંગે થોડાઘણા અંશે જાગૃતતા કેળવાઈ છે. પરંતુ નગરના મુખ્યમાર્ગો આસપાસ વનવિભાગની ફેન્સીંગ કરેલી જગ્યામાં ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળે છે. નગરના ‘ચ’ અને ‘ઘ’ માર્ગ આસપાસ વૃક્ષોની હરિયાળી વચ્ચે ગંદકી ખદબદી રહી છે ત્યારે સીધા અર્થમાં સ્વચ્છતા અભિયાનની અસરકારકતાનો તાગ પણ મળી રહે છે. મુખ્યમાર્ગો આસપાસ જ ઉકરડા અસ્તિત્વમાં આવી રહ્યા છે. આવા સંજોગોમાં સેક્ટરોના આંતરિક વિસ્તારમાં કેન્દ્રીત કરીએ તો પણ સ્વચ્છતાના મામલે વરવી વાસ્તવિકતા આંખ સામે તાદશ્ય થાય છે. મુખ્યમાર્ગો આસપાસ જ ગ્રીનસીટી અને ક્લીનસીટીના કન્સેપ્ટનું સૂરસુરિયુ થઈ ગયું છે.

સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે સરકારી ઓફિસોથી લઈ સેક્ટરોના જાહેર સ્થળોએ સફાઈ ઝુંબેશના માધ્યમથી સ્વચ્છતા અંગે જનજાગૃતિ કેળવવા પ્રયાસો હાથ ધરાયા છે. આવા સંજોગોમાં દાયકાઓથી

# ગાંધીનગરના અગ્રણી ગિરીશ શર્મા પંચાયત સેવા પસંદગી બોર્ડમાં નિમાયા

## ગાંધીનગર ભાજપના ૩ આગેવાનોને બોર્ડ-નિગમમાં નિમણુંક મળતાં કાર્યકરોમાં ઉત્સાહ : રમણભાઈ વિરમગામિયા અને હંસાબેન પરમારની નિમણુંક સફાઈ કામદાર નિગમ તેમજ બેચર સ્વામી પછાત નિગમમાં કરાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત પંચાયત સેવા પસંદગી



બોર્ડમાં ગાંધીનગર ભાજપના અગ્રણી શ્રી ગિરીશભાઈ શર્માની નિયુક્તી કરવામાં આવી છે. આ ઉપરાંત સફાઈ કામદારા બોર્ડમાં શ્રી રમણભાઈ વિરમગામિયાની નિમણુંક કરાઈ છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે ચાર બોર્ડ નિગમના અધ્યક્ષ, ૩ ઉપાધ્યક્ષ અને ૬૦ જેટલા બોર્ડ ઓફ ડિરેક્ટર્સની નિમણુંકને બહાલી આપી છે. આ અંગેના જરૂરી હુકમો પણ રાજ્ય સરકાર દ્વારા કરી દેવામાં આવ્યા છે.

આજે કરાયેલી આ જાહેરાતમાં ગાંધીનગર શહેરના જાણીતા વેપારી તેમજ ભાજપના અગ્રણી શ્રી ગિરીશભાઈ શર્માની પસંદગી પંચાયત સેવા પસંદગી બોર્ડના સભ્ય તરીકે કરવામાં આવી છે.

શ્રી ગિરીશભાઈ શર્મા આમ તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે વધુ ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે. તેઓ સારૂ લેખનકાર્ય કરવા ઉપરાંત શહેરમાં કુરિયર સેવાના વેપાર-ધંધા સાથે પણ સંકળાયેલા છે.

શ્રી ગિરીશભાઈ શર્મા એક સારા વક્તા ઉપરાંત અદના કાર્યકર તરીકેની ઉમદા છાપ ધરાવે છે.

બેચરસ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડમાં ચાંદખેડાના હંસાબેન પરમાર તેમજ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમમાં શ્રી રમણભાઈ વિરમગામિયાની નિમણુંક થતાં જિલ્લા ભાજપના કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી જવાપામી છે.

## ડી.આઈ.જી. કક્ષાના ચાર અધિકારીઓને આઈ.જી. તરીકે બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યના ચાર ડી.આઈ.જી. કક્ષાના અધિકારીઓને આઈ.જી. તરીકે બઢતી આપીને તેમજ જગ્યાઓને અપગ્રેડ કરી નિમણુંક આપવામાં આવી છે.

| નામ | હાલની જગ્યા | બઢતીની જગ્યા |
|---|---|---|
| એ.કે. જાડેજા | ડી.આઈ.જી. કચ્છ-ભૂજ બોર્ડર રેન્જ | આઈ.જી. બોર્ડર રેન્જ કચ્છ-ભૂજ |
| નરસીંહમા કોમર | ડી.આઈ.જી. કાયદો અને વ્યવસ્થા, ગાંધીનગર | આઈ.જી. કાયદો અને વ્યવસ્થા, ગાંધીનગર |
| પી.કે. રોશન | ડી.આઈ.જી. સી.આઈ.ડી. ઈન્ટે. ગાંધીનગર | આઈ.જી. સી.આઈ.ડી. ઈન્ટે. ગાંધીનગર |
| આર.વી. જોટંગીયા | ડી.આઈ.જી. સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગર | આઈ.જી. સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગર |



(તસવીર : કશ્યપ નિમાવત)

બેદરકારીનો ભંગાર : ગાંધીનગરમાં ટેલીફોનના થાંભલા ઘણી જગ્યાએ આ રીતે ભંગારની હાલતમાં બિનવારસી પડેલા જોવા મળે છે... બિનઉપયોગી થાંભલાઓને જો કોઈ ગોડાઉનમાં રખાય, સચવાય કે યોગ્ય સ્થાન પર ઉપયોગમાં લેવાય તો જ એની કિંમત જણાશે... ભંગારના ભાવે આમ તેમ પડેલા થાંભલાઓ ગંદકીનું આશ્રય સ્થાન બને છે... સ્વચ્છ ગાંધીનગર અભિયાનમાં થાંભલા અવરોધક બનીને આડા બની રહ્યા છે...

# ચ-૦ થી ઘ-૦ થી ફૂટપાથ પરના કચરાના ઢગ યથાવત

## ‘ડોર ટુ ડોર ગાર્લેજ કલેક્શન’ દ્વારા ‘સ્વચ્છ ગાંધીનગર’ના મનપાના અભિયાનને મળેલી સફળતા : તંત્રને અભિનંદન : નાગરિકોમાં હજી વધારે સહકારની જરૂર છે : ચ-૦ થી ચ-૧ અને ઘ-૦ થી ઘ-૨ તરફથી ફૂટપાથ ઉપર ટ્રીમીંગ કેમ થતુ નથી ?

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મનપા દ્વારા આખરે છેલ્લા કેટલાક માસથી અમલી બનાવાયેલ સરાહનીય ડૉર ટુ ડૉર કચરો ઉઘરાવવાની કામગીરીના પરિણામે આંખે ઉડીને વળગે તેવી સેક્ટરોની આંતરિક સ્વચ્છતારૂપે નજરે પડે છે. આ માટે મનપાના અધિકારીશ્રીઓ તથા તંત્રના હાથ નીચેના સમગ્ર તંત્રને ચુસ્ત અને નિયમિત અમલીકરણ માટે અભિનંદન.

તંત્રના આ ‘સ્વચ્છતા અભિયાન’માં સેક્ટરવાસીઓ-નાગરિકોનો દુકાનદારોનો પણ સારો સહકાર મળી રહ્યો છે. અને તેથી જ સેક્ટરોની-શોપીંગ સેન્ટરોની સ્વચ્છતા જળવાઈ રહે છે. અલબત્ત હજી જ્યાં ત્યાં કચરો-પડીકાં-કાગળો ફેંકતા નાગરિકો તરફથી તંત્રને પુરતો સહકાર મળે તો ચાર ચાંદ લાગી જાય.

**સેક્ટરની ઝૂંપડપટ્ટી ‘સ્વચ્છતા અભિયાન’ને અવરોધરૂપ**

અલબત્ત નગરના પ્રવેશદ્વાર સમા ચ-૦ થી ઘ-૦ પરથી સેક્ટર-૨ તરફથી ફૂટપાથ ઉપર પડેલા કચરાના ઢગ કેમ સાફ થતા નથી અને ચ-૦ થી ચ-૨ તથા ઘ-૦ થી ઘ-૨ ઉપરથી ફૂટપાથ ઉપર રોડસાઈડના વૃક્ષો ફૂલછોડનું ટ્રીમીંગ કેમ કરાતુ નથી એની ચર્ચાએ રોજિંદા ‘મોર્નિંગ વોકર્સ’માં જોર પકડ્યું છે. આશા છે કે આ બાબત સજાગ તંત્ર સત્વરે ઘટતુ કરશે અને નિયમિત સફાઈનું તંત્ર ગોઠવાશે.

સેક્ટરોમાં ફાલેલી ઝુંપડપટ્ટી તથા ઢોરવાડાથી પ્રવૃત્તિ ‘સ્વચ્છ ગાંધીનગર’ અભિયાનમાં અવરોધક પરિબળ છે એમ પણ નાગરિક મુખે ચર્ચાએ છે. સેક્ટર-૨માં ઘ-દોઢથી અંદર આવતાં ફૂટપાથ ઉપર અને બાજુના ખાડાઓમાં ઘણા દિવસોથી જમા કચરો પણ તંત્રની શિથિલતાની ચાડી ખાય છે. આ દિશામાં પણ ત્વરિત-નક્કર ‘એક્શન’ની રાહ જોવાય છે.



(તસવીર : દિપક જાની)

જાહેર શૌચાલયની આસપાસ સફાઈ અભિયાન જોરશોરથી ચાલી રહ્યું છે... ઘ-માર્ગ પર સેક્ટર-૧૬ પોસ્ટ ઓફીસની બાજુમાં નવનિર્મિત જાહેર શૌચાલયની આસપાસના ઝાડીજાંખરાને સફાઈ કરવા તંત્ર કામે લાગ્યું છે... આગામી દિવસોમાં જાહેર શૌચાલય કાર્યાન્વિત થશે.

# ‘ચ’ માર્ગ આસપાસ સ્થિત સરકારી આવાસોને નવો કલરકોડ અપાશે

ગાંધીનગર, તા. ૧૪

આગામી જાન્યુઆરી મહિનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી અત્યારથી જ તંત્ર તડામાર તૈયારીમાં લાગી ગયું છે. શહેરને સ્વચ્છ અને દબાણમુક્ત બનાવવાનો અભિગમ અપનાવાયો છે. ત્યારે નગરને વાઈબ્રન્ટ લુક આપવા પણ જરૂરી ગતિવિધિઓ હાથ ધરાઈ છે.

**આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી મકાનોને એક સરખો કલર કરી નવા રૂપરંગ અપાશે**

શહેરના ‘ચ’ માર્ગ પર સ્થિત સરકારી આવાસોને એકસરખો કલરશેડ આપવા આયોજન કરવામાં આવ્યું છે.

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં હાલ વિવિધ સ્તરે કામગીરી હાથ ધરવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશના મહાનુભાવો ગાંધીનગરના આંગણે મહેમાન બનવાના હોવાથી તંત્રના અધિકારીઓ હાલ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી જરૂરી પૂર્વતૈયારીમાં લાગી ગયા છે. એક્ઝીબીશન હોલ, પાર્કીંગ પ્લેસ, રોડનેટવર્ક, સફાઈ તેમજ દબાણને લઈ તંત્ર દ્વારા તબક્કાવાર કામોનું આયોજન થઈ રહ્યું છે. જ્યારે વાઈબ્રન્ટને અનુલક્ષી નગરના વિવિધ સેક્ટરોમાં સ્થિત નિકાલ હેઠળના કંગાળ આવાસો પણ ઝડપથી તોડી પાડવાના નિર્ણય લેવાયો છે. જેમાં સે. ૧૬ સ્થિત જોખમી આવાસોને અગ્રતાએ દૂર કરવામાં આવશે.

બીજીતરફ વી.આઈ.પી.ઓની અવર-જવરની વ્યસ્ત રહેતા ‘ચ’ માર્ગ તરફ પણ વિશેષ પ્લાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષી નગરના ‘ચ’ માર્ગ આસપાસ સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોને નવા રૂપરંગ આપવામાં આવશે. અલબત્ત આ રૂટમાં સ્થિત આવાસોને એકસરખો કલરકોડ આપી વાઈબ્રન્ટ લૂક આપવામાં આવશે. ટુંકમાં જ આવાસોને કલર કરવાનું કામ શરૂ કરી દેવાશે.



માર્ગ વચ્ચે ગટર - નગરના મુખ્યમાર્ગની વચ્ચોવચ્ચ ગટરનું ઢાંકણું ઉપસી આવતા વાહન-વ્યવહાર માટે જોખમી બની રહ્યું છે. ગ-૦થી ગ-૧ વચ્ચેના માર્ગ પર ઉપસી આવેલું ગટરનું ઢાંકણું ચિંતા અને ચર્ચાનું કેન્દ્ર બન્યું છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ઈ.સી.એસ. યોજનાનો અમલ ન થતા ગેસ લાઈન ધરાવતા ગ્રાહકો પરેશાન

## છેલ્લા ૫ વર્ષથી રજૂઆતના અંતે પણ જી.એસ.પી.સી.નું જડ વલણ

ગાંધીનગર, તા.૧૪

ટેકનોલોજીના યુગમાં ઝડપી અને સરળ વહીવટી પ્રક્રીયા અપનાવવાનો અભિગમ પ્રબળ બન્યો છે. હાઈટેક અને પેપરલેસ બનતી કચેરીઓમાં પણ આંગળીના ટેરવે વહીવટ થાય તેવા પ્રયાસો હાથ ધરાયા છે પરંતુ વહીવટીક્ષેત્રે ખાડે ગયેલા જી.એસ.પી.સી.ના ગ્રાહકોએ ગેસ બીલની રકમ ભરવા માટે પણ કતારમાં ઉભા રહેવું પડે છે. ખાતામાંથી બારોબાર બીલ ભરપાઈ થાય તેવી ઈ.સી.એસ. યોજનાનો અમલ ન થતા નાગરિકો ત્રાહીમામ પોકારી ગયા છે.

જી.એસ.પી.સી. ગ્રાહકો માટે શિરદર્દ સમાન બન્યું હોવાનો આક્રોશ દીન પ્રતિદિન પ્રબળ બન્યો છે. ભાવવધારાના લીધે મુંઝવણ અનુભવતા ગ્રાહકોને જરુરી સુવિધા ન મળતા આમ નાગરિકોએ બંને બાજુથી સહન કરવાનો વારો આવ્યો છે. જી.એસ.પી.સી.નો વહીવટ ખાડે ગયો છે ત્યારે ગ્રાહકો પણ વિપરિત અસરથી પ્રભાવિત થયા છે. લાઈટ બીલ અને ફોન બીલના ચુકવણા માટે ઈ.સી.એસ.ની સરળ પધ્ધતિ અપનાવાઈ છે. પરંતુ જી.એ.પી.સી. સમક્ષ આ મામલે છેલ્લા પાંચ વર્ષથી રજૂઆત કરવા છતાં કોઈ પગલા લેવાતા નથી જેના પરિણામે ગ્રાહકોએ બીલની રકમ ચુકવવા હજુ જુની પધ્ધતિ મુજબ સમય બગાડવો પડે છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા મુજબ ગ્રાહકોના બીલની રકમ બેંકના ખાતામાંથી બારોબાર કપાય તેવી વ્યવસ્થા અમલી બનાવવા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# વન વિભાગ દ્વારા પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

વન્યજીવન તાલીમ વિભાગ દ્વારા ગાંધીનગરની કેમ્પસાઈટ ખાતે ધોરણ-૫, ૬, ૭, ૮ તેમજ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ માટે પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આગામી સમયમાં આયોજન કરવામાં આવનાર છે.

પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ બે રાત્રિ અને ત્રણ દિવસ માટે પ્રકૃતિ શિબિર યોજાશે. જેમાં પ્રકૃતિ વિષયક વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. શિબિર માટે વિદ્યાર્થીઓએ કેમ્પસાઈટ ઉપર સ્વખર્ચે પહોંચવાનું રહેશે. શિબિરમાં રહેવા-જમવાની સગવડ વન વિભાગ દ્વારા વિના મૂલ્યે કરવામાં આવશે. શિબિરમાં ભાગ લેવા રસ ધરાવતી સંસ્થાઓએ નાયબ વનસંરક્ષકશ્રી, વન્યજીવ તાલીમ વિભાગ, વન સંશોધન સંકુલ, અક્ષરધામ પાસે, જ-રોડ, સેક્ટર-૨૦, ગાંધીનગરના સરનામે સહી સિક્કા કરેલ સંમતિપત્ર સાથે ૫૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની તેમજ બે શિક્ષકોની યાદી સાથેની અરજી મોકલી આપવી. વિદ્યાર્થીનીઓની સાથે મહિલા શિક્ષક મોકલવાના રહેશે. પ્રકૃતિ શિક્ષણ શિબિરની ફાળવણી વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે, તેમ વન્યજીવ તાલીમ વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગર કોબા સર્વિસ રોડને ચકાચક બનાવવા ૫.૭૬ કરોડ ખર્ચાશે

## ગંદકી અને ગાબડાના લીધે કંગાળ ભાસતા સર્વિસ રોડના મજબૂતીકરણ માટે ટૂંકમાં કામ શરુ થશે

ગાંધીનગર, તા.૧૩

ગંદકીથી ખદબદતા અને ગાબડાગ્રસ્ત ગાંધીનગર-કોબા માર્ગ સમાંતર સર્વિસિ રોડના મજબૂતીકરણનું હવે ટૂંકમાં કામ હાથ ધરવામાં આવશે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રૂ. ૫.૭૬ કરોડના ખર્ચે સર્વિસ રોડની સુધારણાનું કામ હાથ ધરવામાં આવશે. આ કામને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરથી અમદાવાદ તરફ જવાના મુખ્ય માર્ગોપર ટ્રાફિકનું ભારણ ઘટાડવા કોબા સુધીના માર્ગ આસપાસ સર્વિસ રોડ બનાવવામાં આવ્યો છે. પરંતુ જાળવણીના અભાવે કંગાળ ભાસતા આ સર્વિસ રોડની હાલત દિન પ્રતિદિન બિસ્માર બનતી જાય છે. જેના લીધે આસપાસના ગ્રામ્ય વિસ્તારના રહીશો તેમજ નવ વિકસિત સોસાયટીના સભ્યોએ ડગલેને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ગંદકી અને ગાબડાઓથી ભરપૂર આ સર્વિસ રોડ સ્થાનિક વિસ્તાર માટે જટીલ સમસ્યારૂપ બન્યો છે. અત્યંત ભંગાર હાલતમાં ભાસતા સર્વિસ રોડનો નાગરિકો ઉપયોગ કરવાનું ટાળે તેવી સ્થિતિને ધ્યાને લઈ આખરે તંત્ર દ્વારા વાઈબ્રન્ટ પૂર્વે માર્ગ મજબૂતીકરણની યોજના હાથ ધરવામાં આવનાર છે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગાંધીનગર-કોબા સર્વિસ રોડના મજબૂતીકરણનું કામ હાથ ધરવા ટેન્ડર પ્રક્રીયા આરંભી દીધી છે. આ માર્ગના નવીનીકરણ માટે અંદાજીત રૂ. ૫.૭૬ કરોડનો ખર્ચ થશે. સર્વિસ રોડને ચકાચક બનાવવાનું કામ હાથ ધરવાની ગતિવિધિઓના પગલે સ્થાનિક રહીશોની માંગણી પણ સંતોષાશે.



શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com